

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી 'આત્માની રુચિ' સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

ખરેખર તીવ્ર રુચિ હોય તો ત્રિકાળી દળમાં જ જામી જાય; આડી--અવળી (વાત) ગમે જ નહિ, (વ્યવહારના વિકલ્પમાં રોકાય જ નહિ,) યોગ્યતા ઉપર છોડી દે, ત્યાં જોર (પુરુષાર્થ) રહે જ નહિ; દૃષ્ટિના વિષયમાં જ જોર રહે. (આડી-અવળીનો વિકલ્પ રહ્યા કરતો હોય તે સ્વરૂપની અરુચિના પરિણામનો દ્યોતક છે. સ્વરૂપની તીવ્ર રુચિમાં અન્ય વિકલ્પ રુચતા નથી.) (૪૧૦)

***

(ચર્ચા સાંભળવાવાળાઓ પ્રત્યે) બધાને લગની તો સારી છે પરંતુ યથાર્થ લગની લાગે તો હર સમય આ જ (સ્વરૂપનું ઘૂંટણ) ચાલતું રહે (- તેમાં) ગમે તેટલો સમય થાય પણ ખબર જ ન પડે. રુચિનું સ્વરૂપ જ એવું છે કે—જ્યાં લાગે ત્યાં કાળ (સમય) દેખે જ નહિ. (૪૧૮)

***

રુચિ તો તેનું નામ કહેવાય છે કે જે વિષયની રુચિ હોય તેના વિના ક્ષણ પણ ચાલી શકે નહિ. પતંગિયું દીપકને જોતાં જ ચોંટી જાય છે, વિચાર નથી કરતું. તેવી રીતે વિચાર... વિચાર કરતા રહેવાથી શું ? વસ્તુને જ ચોંટી જાઓ ! આખા ને આખા વસ્તુમાં વ્યાપ્ત થઈને (તેને) ગ્રાસી લ્યો ! (૪૪૭)

***

રુચિ પોતાના વિષયમાં બાધક પદાર્થોને ફટાફટ હઠાવી દે છે. તેમાં રોકાઈ જતી નથી; (સીધી) પોતાના વિષયને જ ગ્રહણ કરી લે છે. (૪૫૬)

***

રુચિ પોતાના કાર્યમાં બાધા આવવા દેતી નથી, તે સંયોગને અને વિકલ્પને ગણતી નથી. (સ્વરૂપની) રુચિ હોય તો હર સમય આ ને આ જ (સ્વરૂપનું જ) ચિંતન ચાલતું રહે. (૪૯૭)

***

રુચિ હોય તો પ્રવૃત્તિમાં પણ પોતાના કાર્યમાં વિઘ્ન આવતું નથી. બીજા પાસેથી તો કાંઈ લેવું નથી, અને (સ્વયં) સુખનું તો ધામ છે. તેથી ઉપયોગરહિત ચક્ષુની જેમ (બહારથી) પ્રવૃત્તિમાં દેખાય ખરા પરંતુ ઉપયોગ (સાવધાની) તો આ તરફ (અંતરમાં) કામ કરતો હોય. (૪૯૮)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૮ : અંક–૨૯૧, વર્ષ–૨૪, માર્ચ–૨૦૨૨

## અષાઢ વદ ૧૩, શનિવાર, તા.૧૬-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૮૯, પ્રવચન-૩૬

'યોગસાર', 'યોગીન્દ્રદેવ'ના ૮૯ શ્લોકમાં છેલ્લી ગાથા છે. 'દેવસેનાચાર્ય' 'તત્ત્વસાર'માં કહે છે. અધિકાર શું ચાલે છે? જુઓ! સમ્યગ્દૃષ્ટિ જીવ પર વ્યવહારને છોડીને પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈને તેમાં લીન થાય છે તે જ એક મોક્ષનો માર્ગ છે. એ ગાથાના સારમાં એ લખ્યું છે. સમજાણું કાંઈ?

**अप्प-सरुवहँ जो रमइ, छंडिवि सहु ववहारु।**
**सो समाइट्ठी हवइ, लहु पावइ भवपारु।।८९।।**

તેના આધારમાં આ ગાથા આપી છે, જુઓ!

**लहइ ण भव्वो मोक्खं जावइ परदव्व बावडो चित्तो।**
**उग्गतवंपि कुणंतो सुद्धे भावे लहुं लहइ।।८९।।**

એક શબ્દમાં કેટલું ભર્યું છે, જુઓ! '**જ્યાં સુધી ચિત્ત પરદ્રવ્યના વ્યવહારમાં રહે છે...**' ભગવાનઆત્મા પોતાનું સ્વદ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિનો આશ્રય છોડીને જ્યાં સુધી પરદ્રવ્યનો આશ્રય કરે છે ત્યાં સુધી તેને મુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પણ પહેલા સ્વદ્રવ્યનો આશ્રય થાય છે પછી પણ જેટલો પરદ્રવ્યના આશ્રયે રાગ રહે ત્યાં સુધી તેની મુક્તિ થતી નથી.

મુમુક્ષુ : રાગથી સંવર, નિર્જરા થાય.

ઉત્તર : રાગથી સંવર નિર્જરા એ પંડિત કહે છે, એ પંડિત (સંવત) ૨૦૧૩ની સાલમાં કહેતા હતા. વ્યવહાર બંધનું કારણ છે, લાવો સિદ્ધ કરી દઉં. કોણ માને?

મુમુક્ષુ : ...

ઉત્તર : એ બધા કાંઈ ઠેકાણું ન મળે. પંડિતજી! ત્યાં ૨૦૧૩ની સાલમાં ત્યાં કહ્યું હતું. પછીથી સાંભળ્યું હતું, અમે આવ્યા ત્યાં ચર્ચામાં કહેતા હતા, વ્યવહાર રત્નત્રય બંધનું કારણ છે, લાવો, ચર્ચા કરો. પણ કોઈ કરતા નથી, કોઈને સાંભળવું નથી. વ્યવહાર પરાશ્રય છે અને નિશ્ચય સ્વાશ્રય છે. એ તો સીધી વાત છે. એ ગાથાનો અહીંયાં આધાર આપીને કહે છે.

જ્યાં સુધી આત્માને પહેલી શરૂઆતથી સ્વદ્રવ્ય ચૈતન્યનો આશ્રય ન હોય ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી. પરદ્રવ્યના આશ્રયે સાક્ષાત્ તીર્થંકર હો, સર્વજ્ઞ હો, સમવસરણ હો, સમેદશીખર હો કે ગણધર, આચાર્ય આદિ હો એ પરદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી.

મુમુક્ષુ : દિવ્યધ્વનિથી થતું નથી તો પછી...

ઉત્તર : શું કરે? ભગવાન! એ દિવ્યધ્વનિ તો પરદ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ : અરે..! સાહેબ! ઉત્તર હિન્દુસ્તાનમાં થઈ જાય.

ઉત્તર : આ પંડિત ઉત્તર હિન્દુસ્તાનના નથી?

આહાહા..! ભગવાન! ન્યાયથી તો સાંભળો, ભાઈ! કે, આ આત્મદ્રવ્ય છે તે એક સેકંડના અસંખ્ય ભાગમાં શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાયનો પિંડ છે. તો એ દ્રવ્ય, ગુણ, પર્યાય શુદ્ધ છે. પુણ્ય-પાપના વિકલ્પ એ તો આસ્રવ છે. શરીર, કર્મ આદિ અજીવ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સમેદશીખર કે સર્વજ્ઞ સાક્ષાત્ સમવસરણ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યના આશ્રયે કદી ધર્મની શરૂઆત થતી નથી. કહો, સમજાણું કાંઈ? કેમકે સ્વદ્રવ્ય જે છે તેમાં અનંત અનંત શુદ્ધતા પડી છે. તો સ્વદ્રવ્યનો આશ્રય લીધી વિના પહેલા સમ્યગ્દર્શનની શરૂઆત થતી નથી. સમજાણું કાંઈ?



અહીં તો પૂરી વાત કરે છે કે, જ્યાં સુધી પરદ્રવ્યનો આશ્રય રહે છે, રાગાદિ, વ્યવહારાદિ, વિકલ્પાદિ (રહેશે) ત્યાં સુધી તેને મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ? જુઓ! **'જ્યાં સુધી ચિત્ત પર દ્રવ્યના વ્યવહારમાં રહે છે (સંલગ્ન છે) ત્યાં સુધી ભવ્ય જીવ કઠિન કઠિન તપ કરવા છતાં પણ...'** **'उग्गतवंपि कुणंतो'** એમ 'દેવસેનાચાર્ય'નો પાઠ છે. મોક્ષ પ્રાપ્ત કરતો નથી. પર તરફના લક્ષથી કઠિન તપ શું બાર-બાર મહિનાના અપવાસ કરે, ઇન્દ્રિયદમન પરલક્ષે કરે તેમાં શું થયું? એ તો પુણ્યબંધનું કારણ છે. ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ સ્વતત્ત્વ છે, એ સ્વતત્ત્વના આશ્રયે અનંતકાળમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ જેને થઈ તેને તેનાથી થઈ છે. સમજાણું કાંઈ? અને પછી પણ જેટલો વ્યવહાર રહ્યો તેને પરાશ્રય જાણીને, સ્વઆશ્રય કરીને છોડે છે તો તેને કેવળજ્ઞાન અથવા શુક્લધ્યાનથી મુક્તિ થાય છે. સ્વઆશ્રયો નિશ્ચય, પરાશ્રયો વ્યવહાર. સીધી વાત છે. આમાં તો કાંઈ આટલા શાસ્ત્ર વાંચે તો સમજાય, એવી કોઈ વાત નથી. સમજાણું કાંઈ?

અહીં 'દેવસેનાચાર્ય' 'તત્ત્વસાર'માં કહે છે કે, કઠિન કઠિન **'उग्गतवंपि कुणंतो'** પણ **'परदव्व बावडो'** લક્ષ પર ઉપર છે, રાગ ઉપર છે, નિમિત્ત ઉપર છે, સંયોગ ઉપર છે, દેવ-ગુરુ ઉપર છે ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન પણ થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? પહેલી શ્રદ્ધામાં આવો નિર્ણય ન થાય કે, હું તો સ્વદ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ કરું છું. પરના આશ્રયે મને બિલકુલ થતું નથી. કેમકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ એ બધી પર્યાયનો પિંડ તો દ્રવ્ય છે. એ પર્યાય કંઈ રાગમાં નથી રહેતી. એ પર્યાયની શક્તિ રાગમાં (નથી રહેતી). વ્યવહારના રાગમાં એ પર્યાયની શક્તિ રહે છે? નિમિત્તમાં રહે છે? આ પર્યાય—નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય, એ પર્યાયની શક્તિ તો દ્રવ્ય-ગુણમાં છે. સમજાણું કાંઈ? એ શક્તિ રાગમાં છે? વ્યવહાર વિકલ્પમાં છે? સંઘયણમાં છે? દેહમાં છે? આ શક્તિ પરદેહમાં છે? સમજાણું કાંઈ? સીધી વાત અને સરળ વાત (છે) પણ એટલી બધી ગડબડ કરી નાખી છે. શાસ્ત્રની સ્વાધ્યાય, એવા કર્તા ને એવા વાદ ને વિવાદ.

ભાઈ! અહીં તો કહે છે કે, **'लहइ ण भव्वो'** ભવ્ય જીવ હોવા છતાં, ઉગ્ર તપ કરવા છતાં પરદ્રવ્યના વ્યવહારને ન છોડે... સમજાણું કાંઈ? 'બંધ અધિકાર'માં પણ 'અમૃતચંદ્રાચાર્યદેવે' કહ્યું, (શ્લોક૧૭૩). **'अध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै'** ભગવાન

એમ કહે છે કે, હું પરદ્રવ્યને જીવાડું છું, મારું છું, સુખી-દુઃખી કરું છું, પરદ્રવ્યની પીડા, એકત્વબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનો, પરદ્રવ્યનો આશ્રય જ્યારે ભગવાને છોડાવ્યો તો આચાર્ય કહે છે કે, અમે એમાંથી કાઢીએ છીએ કે જેટલો પરદ્રવ્યના આશ્રયે વ્યવહાર છે તેને ભગવાન આચાર્ય છોડાવે છે. પંડિતજી! એ શ્લોકમાં આવ્યું ને? તમારે તો કંઠસ્થ છે. '**अध्यवसानमेवमखिलं**'.

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्यव्यवहार एव निखिलोप्यन्याश्रयस्त्याजितः।**
**सम्यङ्‌निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धन्ति सन्तो धृतिम्।।१७३।।**

મહાસિદ્ધાંત છે. કહો, 'પાટણીજી'! આમાં વાદવિવાદનું સ્થાન ક્યાં છે? ભાઈ! ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એવો કહ્યો કે, પરદ્રવ્યને જીવાડવા, મારવા, સુખી-દુઃખી કરવા, તરવાર હાથમાં લેવી, શરીરની ક્રિયા એ બધું આત્મા કરી શકતો નથી અને હું કરી શકું છું એમ માનવું અધ્યવસાય નામ બે દ્રવ્યની એકતાબુદ્ધિનું મિથ્યાત્વ છે. તો ભગવાને જ્યારે બે દ્રવ્યની એકતાબુદ્ધિનું પૃથક્ દ્રવ્ય કરાવવા મિથ્યાત્વ છોડાવ્યું, પરદ્રવ્યનો અધ્યવસાય છોડાવ્યો તો આચાર્ય કહે છે કે, એ તો એકત્વબુદ્ધિ છોડાવી. પણ અમે તો એમાંથી કાઢીએ છીએ કે પરદ્રવ્ય આશ્રયે જેટલા ભાવ વ્યવહાર છે, તે બધાને ભગવાન છોડાવે છે. આહા..! '...' નિશ્ચયનયાશ્રિત.. જુઓ! આવી વાત કાઢે છે. એ વ્યવહાર જે છે એ મિથ્યાષ્ટિનો વ્યવહાર છે. અરે..! ભાઈ! '**अन्यआश्रयत्वात**' જે વ્યવહાર અન્યના આશ્રયે ઉત્પન્ન થાય છે તે સમ્યગ્દ્દષ્ટિને પણ ત્યાજ્ય છે, મિથ્યાદષ્ટિને તો વ્યવહારની વાત છે જ ક્યાં? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, સર્વજ્ઞ પરમેશ્વરે જ્યારે પોતાના આત્મા સિવાય પરદ્રવ્યના કર્તાપણાનું અભિમાન-મિથ્યાત્વ છોડાવ્યું તો અમે તો એમ જાણીએ છીએ કે પરના આશ્રયે જે પોતામાં વ્યવહાર થયો તે તો પરદ્રવ્યનું કાર્ય છોડાવ્યું. કાર્ય કરી શકતો નથી માટે. પણ એમાંથી અમે તો એમ કાઢીએ છીએ કે પરદ્રવ્યના આશ્રયે જે ભાવ થાય છે તે વ્યવહાર પણ ભગવાને છોડાવ્યો છે. આહાહા..! અન્યઆશ્રયત્વાત. એ વાત અહીંયાં કહે છે.

ભાઈ! આત્મા વસ્તુ છે, મહાન ચૈતન્ય જ્યોત છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે, તેના આશ્રયે ઉગ્ર પુરુષાર્થથી ચારિત્ર થાય છે, તેના આશ્રયે શુક્લધ્યાન થાય છે, તેના આશ્રયે કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : આપે તો ખોલી નાખી વાત.

ઉત્તર : ગુપ્ત રાખવા માટે હશે? આ ગુપ્ત વાત આચાર્યોએ તો દાંડી પીટીને કહી છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો ખુલ્લંખુલ્લું કરી નાખ્યું અને 'કુંદકુંદાચાર્યદેવે' તો પહેલા ખુલ્લું કરી નાખ્યું. 'વ્યવહારો પરિસિદ્ધો' કેમકે વ્યવહાર પરાશ્રય છે, નિશ્ચય સ્વઆશ્રય છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ વાત અહીંયાં છે. સમજાણું કાંઈ? અરે..!

મુમુક્ષુ : લોકો વ્યવહારને માને છે.

ઉત્તર : લોકો ગમે તે હોય તો શું છે? વ્યવહાર પરાશ્રય છે તે બંધનું કારણ છે. એ સિદ્ધાંત નક્કી (છે). ત્રણકાળ ત્રણલોકમાં.. સમજાણું? સર્વજ્ઞની પેઢીમાં એ ચાલે છે, બીજી પેઢીમાં ચાલતું નથી. એવો ધંધો ભગવાનના ઘરનો છે. આહાહા..!

અહીંયાં 'દેવસેનાચાર્ય' કહે છે, '**જ્યાં સુધી ચિત્ત પર દ્રવ્ય...**' ઉપર લક્ષ જાય છે વિકલ્પ, સર્વજ્ઞ પરમાત્મા છે, આ દેવ છે, આ ગુરુ છે (એમ લક્ષ જાય છે) ત્યાં સુધી તેને બંધનું કારણ છે. તેના આશ્રયે મુક્તિ થશે નહિ. ત્યાં સુધી સ્વઆશ્રય થતો નથી. ત્યારે પાઠ કેવો લીધો છે? જુઓ, ભાઈ! '**सुद्धे भावे लहुं लहइ**' એટલો પાઠ. એટલે ઈ શું (કહ્યું)? પરદ્રવ્ય આશ્રયે જે ભાવ થાય છે તે અશુદ્ધ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે, ગમે તેટલા દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આદિ તેના અશુદ્ધભાવ છે, પછી શુભ હોય તોપણ અશુદ્ધ છે.

સ્વદ્રવ્ય આશ્રયે '**सुद्धे भावे लहुं लहइ**' એવા શબ્દો મૂક્યા છે. શુદ્ધભાવ પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે તેના આશ્રયે શુદ્ધભાવ ઉત્પન્ન થાય છે,

તે શુદ્ધભાવથી પોતાનો નિર્વાણ નામ મુક્તિ થાય છે. પહેલા જ શુદ્ધભાવથી સમ્યગ્દર્શન, શુદ્ધભાવથી સમ્યગ્જ્ઞાન. પોતાના આશ્રયે સમ્યગ્દર્શન, પોતાના આશ્રયે જ્ઞાન. એ ભાવસમ્યગ્દર્શન શુદ્ધભાવ છે. શુદ્ધભાવ ત્રિકાળ, તેના આશ્રયે ઉત્પન્ન થયેલી પર્યાય તે શુદ્ધભાવ છે. શુદ્ધભાવ ત્રિકાળ, તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયો તે શુદ્ધભાવ છે. શુદ્ધભાવ ત્રિકાળ, તેના આશ્રયે સ્થિરતાચારિત્ર થયા તે શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવથી મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આમાં ચર્ચા ને વાદવિવાદનો અવસર પણ ક્યાં છે? હેં?

કહે છે, પંડિતજીનો ભણાવેલો શિષ્ય કહે છે, બે મિનિટની વાત છે. સાંભળ્યું છે? એ 'સાગર'વાળા નથી? 'મુન્નાલાલજી', એ લખે છે કે, આ ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર અને ક્રમબદ્ધની બે મિનિટની વાત છે. આટલી માથાકૂટ શું કરે છે? ઉપાદાનથી થાય છે, પોતાથી નિમિત્ત છે. નિશ્ચય થાય છે તો વ્યવહાર છે. બસ! સીધી વાત છે અને દ્રવ્યની વ્યવસ્થિત પર્યાય છે, એ ક્રમબદ્ધ. બે મિનિટની વાતમાં આટલી શું ચર્ચા? 'પાટણી' એ મોટું લાંબુ કર્યું 'જયપુર'માં. કેટલા હજાર ખર્ચશે, દસ-દસ હજાર. એમ કહે છે. એમાં લખ્યું છે, તમારું નામ નથી લખ્યું. આ લોકો આટલા બધા પૈસા ખર્ચી શકે છે અને આટલું કરે છે. બે મિનિટનું કામ છે. શાંતિથી બે પંડિત મળી જાય તો આ મોટા પંડિત છે તેની સાથે બેસાડવા જોઈએ. આ કહે કે, અમારે કાંઈ કરવું નથી. શું કરે પણ? કોણ માને?

ભાઈ! આવો અવસર મળ્યો. જૈનદર્શનનું મૂળ તત્ત્વ છે, તેનાથી વિપરીત હોય તો શાસનની પદ્ધતિ બદલાઈ જશે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞે જે પંથ કહ્યો તેની પદ્ધતિ ન રહે તો આખી અન્યમતિ જેવી પદ્ધતિ થઈ જશે. રાગથી લાભ છે, પરથી લાભ છે એ તો અન્યમતની પદ્ધતિ છે, જૈનદર્શનની એ છે જ નહિ. ભાઈ! જૈનદર્શનની પદ્ધતિ સર્વજ્ઞની પરંપરાએ અનાદિથી ચાલી છે. તેવી આવવી જોઈએ. વિશેષ સ્થિરતા ભલે અંદર ન થાય, પણ દૃષ્ટિ તો પોતાના સ્વરૂપના આશ્રયે લાભ છે એ વાત ત્રણકાળમાં બીજી હોવી જોઈએ નહિ. સમજાણું કાંઈ? 'જ્ઞાનચંદજી'! આહાહા..!

જુઓ! પાઠ એવો છે, **'सुद्धे भावे लहुं लहइ'** એ **'सुद्धे भावे'** વર્તમાન પર્યાયની વાત છે, હોં! ત્રિકાળની નહિ. ત્રિકાળ તો શુદ્ધ છે જ પણ ત્રિકાળનો આશ્રય કરવો તે શુદ્ધભાવ છે અને પરનો આશ્રય કરવો તે અશુદ્ધભાવ છે. એમ 'દેવસેનાચાર્યે' ટૂંકામાં શબ્દ લઈ લીધા છે. સમજાણું કાંઈ? **'શુદ્ધ આત્મિક ભાવોનો લાભ થતાં...'** જુઓ! **'તે શીઘ્ર જ મોક્ષ પામી જાય છે.'** આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ : પરનો આશ્રય તો પહેલો કરે ને.

ઉત્તર : પરનો આશ્રય પહેલો કરે, આથમણો જાય ત્યારે ઉગમણો ચાલે, એમ હશે? ઉગમણો સમજો છો? પહેલા પશ્ચિમમાં થોડો ચાલે પછી પૂર્વમાં ચાલે. એનો અર્થ શું? દેવાનુપ્રિયા! એ શેઠ છે, દલાલ. અને છે પણ શેઠ, હોં! એના કુટુંબમાં શેઠ કહેવાય છે. શેઠિયા, શેઠ, શેઠ. કહો, સમજાણું કાંઈ? અહીં તો શ્રેષ્ઠસ્વઆશ્રય કરવો તે શ્રેષ્ઠ છે. આહાહા..! આ તો શેઠ એટલે પ્રભુ! મહાન શ્રેષ્ઠ સ્વદ્રવ્ય સ્વભાવ, તેના આશ્રયે જ શ્રેષ્ઠ સમ્યગ્દર્શન, જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તો ધર્માત્માનું ચિત્ત જ્યાં સુધી પરદ્રવ્ય ઉપર રહ્યું, અરે..! ક્ષાયિક સમકિત થયું, સ્વઆશ્રયે ચારિત્ર પણ થયું, હજી જ્યાં સુધી પરના આશ્રયે રાગ રહે છે ત્યાં સુધી તેનો અભાવ કર્યા વિના, સ્વઆશ્રય કર્યા વિના મુક્તિ થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે ને, પરાધીન સ્વપને સુખી નહિ. એમ કહેતા નથી? ભાષા તો કરે છે, પરાધીન સ્વપને સુખી નહિ. તેનો શું અર્થ છે? ભગવાનઆત્મા પોતાનો આશ્રય છોડીને સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વરનો આશ્રય કરે તોપણ અશુદ્ધભાવ—વિકલ્પ ઊઠે છે. તેનાથી મુક્તિ નથી, બંધ છે. પરાશ્રય ભાવ વ્યવહાર બંધ છે, સ્વઆશ્રય ઉત્પન્ન થયો તે અબંધભાવ છે. એક જ વાત. ત્રણકાળ ત્રણલોકમાં સિદ્ધાંત સિદ્ધ (થયેલો છે), તે ફરે નહિ. સમજાણું કાંઈ? એ શ્લોક આધારમાં આપ્યો હતો. ૮૯ શ્લોકનો આધાર હતો. હવે ૯૦ (ગાથા).



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૨૫૫ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૬–૫–૧૯૮૩, પ્રવચન નં. ૧૧૩ (વિષય : માર્ગદર્શન)**

**ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય પણ તેને ઈન્દ્રિયો વડે જાણવાનું થતું નથી. ઈન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ–ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઈન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી. ઈન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તેને જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતા નથી. શાસ્ત્ર સાંભળતા ખ્યાલમાં આવે કે આમ કહે છે–એમ જે જાણવું થયું તે ઈન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતા નથી. ૨૫૫**

(૪૫:૪૫ મિનિટથી...)

'શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી.' મિથ્યાદૃષ્ટિનું કે સમ્યગ્દૃષ્ટિનું. અહીંયાં ન્યાય તો એક સરખો તોળવામાં આવે છે. તે જ્ઞાન જ નથી. એને જ્ઞાન કહેવું નહિ અથવા એની ગણતરી જ્ઞાનમાં કરવી નહિ. એમ વાત છે.

મુમુક્ષુ :– અજ્ઞાન કહેવું?

પૂજ્ય ભાઈશ્રી :– અજ્ઞાન શું એને જડ કહી દીધું પછી અનાત્મા કહો કે જડ કહો. અણઆત્મા કહો કે એને જડ કહો. જે જ્ઞાન જ્ઞાનને આવરણ કરે એને જ્ઞાન શું કહેવું? એનાથી તો જ્ઞાનાવરણીય બંધાશે. જ્ઞાન જ્ઞાયકને સેવે તો જ્ઞાનાવરણીયનો બંધ છે એ મટી જાય. અંદરમાંથી જ્ઞાનશક્તિ ખીલે, અનંત જ્ઞાનશક્તિ વિકાસ પામે. અનંતજ્ઞાનની, અનંત શક્તિ છે જ્ઞપણાની. એ વિકસિત થાય. જો એ અંતર્મુખ થઈને જ્ઞાયકને સેવે તો. તે અંતર્મુખપણું છોડીને જેટલો બહાર જાય જ્ઞાનનો પર્યાય એટલો એ જડને સેવે છે, બહિર્તત્ત્વને સેવે છે, અનાત્મ તત્ત્વને સેવે છે. એને જ્ઞાનાવરણીય ત્યાં બંધાય. જ્ઞાન અવરાય છે, એનું જ્ઞાન બિડાઈ જશે. એને શું જ્ઞાન કહેવું? જે જ્ઞાન પોતાને જ બિડવાનું કાર્ય કરે એને જ્ઞાન શું કહેવું? જે વેપાર પોતાને નુક્સાન કરે એને વેપાર શું કહેવો? એને કાંઈ વેપાર કહેવાય નહિ.

'શાસ્ત્ર સાંભળતા ખ્યાલમાં આવે કે આમ કહે છે–એમ જે જાણવું થયું તે ઈન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતાં નથી.' હવે આ ખ્યાલ ઉપર વજન કેટલો કરવો? ખ્યાલ ઉપર કેટલું વજન દેવું? બહુ સૂક્ષ્મ વાતો કરી છે. અનુભવને પકડાવ્યો છે કે જો ભાઈ! આ તું સાંભળે છો અત્યારે તે શાસ્ત્ર

સાંભળતા, શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા. ચાલુ ઉદયમાન વિષયને પ્રયોગમાં લીધો છે અહીં તો. સૂક્ષ્મતા શું છે કહેવામાં? કે જે ચાલુ ઉદયમાન છે કે આ સાંભળતા, સાંભળતા તને ખ્યાલમાં આવે છે કે આમ કહે છે, આમ કહે છે, આમ કહે છે એમ તને જે ખ્યાલમાં આવે છે, એવું જે ખ્યાલમાં આવતા જે જાણવું થાય છે તે મન દ્વારા, ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જાણવું, ઇન્દ્રિય વડે જાણવું થતું હોવાથી તેને અહીંયાં આત્મા કહેતા નથી. હવે મને ખ્યાલ બરાબર આવ્યો છે, મારો ખ્યાલ સાચો છે, મારું સાચું અને તમારું ખોટું. કહે છે કે ભાઈ! પણ હવે એને તો અહીંયાં આત્મા જ કીધો નથી. એને આત્મા કહેતા નથી. આમ છે.

અતીન્દ્રિય જ્ઞાનનું લક્ષણ પણ અતીન્દ્રિય છે. જે જ્ઞાનલક્ષણે લક્ષિત થતો આત્મા અતીન્દ્રિય છે, તો લક્ષણ અને લક્ષ એક સરખા હોવાથી, સદૃશ્યભાવે હોવાથી લક્ષણ પણ અતીન્દ્રિય છે. જે જ્ઞાનસામાન્ય છે તે અતીન્દ્રિય જ્ઞાન છે. અહીં ઇન્દ્રિયજ્ઞાન (કહ્યું), ઇન્દ્રિયજ્ઞાન નહિ તેને અતીન્દ્રિય જ્ઞાન કહે છે. સામાન્ય છે એ. જે જ્ઞાન આ બાજુ (બહાર બાજુ) જાય છે એ તો ઇન્દ્રિયજ્ઞાન છે. પણ એમાં જે સામાન્ય રહી ગયું એ અતીન્દ્રિય જ્ઞાન છે. એને કોઈ ઇન્દ્રિય સાથે સંબંધ છે નહિ. એને મન સાથે સંબંધ નથી, ઇન્દ્રિય સાથે સંબંધ નથી. એવું જે જ્ઞાનનું સામાન્ય સ્વરૂપ છે ત્યાંથી આત્મા પકડાય છે. પણ ખ્યાલ બધો આવે છે ત્યાં સુધી એમ કહે છે કે મનમાં ખ્યાલ આવે છે. આવું બધું સમજવામાં, સાંભળવામાં જેટલો ખ્યાલ આવે છે એ બધો મનથી ખ્યાલ આવે છે અને જાવું છે મનથી પાર. મનાતીત થવું છે. મનમાં આવેલું જે જ્ઞાન, મનગોચર થતું જે જ્ઞાન એ હદની આગળ જવું છે. એને જ્ઞાન કહે છે. એ હદને ઓળંગીને આગળ જાય તે જ્ઞાન. ત્યાં સુધીનું જ્ઞાન તે જ્ઞાન નહિ. એમ લઈ લેવું છે. એમ જો એ સમજે તો એમાં અટકે નહિ. નહિતર તો એમાં અટક્યા વગર રહે નહિ. પણ એવું સમજવું... સમજવું... સમજવું... સમજવું... જ્યાં સુધી મનથી છે ત્યાં સુધી એને જ્ઞાન કહેતા નથી. એટલે એવું સમજવું થાય છે એ મનમાં થાય છે ત્યાં પણ હજી એને જ્ઞાન તરીકે સમજનાર સ્વીકારે નહિ. આમ લેવું છે. એનું વજન જરાય એના ખ્યાલ ઉપર ન રહે. આવો ખ્યાલ પડે છે, આવો ખ્યાલ પડે છે, સમજણમાં આવો ખ્યાલ પડે છે, આવો ખ્યાલ પડે છે એના ઉપર જરાય વજન ન જાય.

અહીંયાં બહુ સરસ વિષય શું છે આની અંદર? કે પહેલા ખ્યાલ નહોતો પડતો અને પછી જ્યારે આ વાત સમજવામાં ખ્યાલ પડવા માંડ્યો ત્યારે એમ કહે છે કે પહેલા નહોતું બેસતું, હવે બેસે છે, હવે સમજાય છે, હવે ખ્યાલમાં આવે છે, હવે બેસે છે. એને એમ કહે છે કે એમ તો તું ક્યાં સંતોષાણો? એને તો હજી અહીંયાં અનાત્મા કહેવામાં આવ્યો છે. ઠીક! કાંઈક સમજાણું એમ આવ્યું ત્યાં એ સંતોષ ન પકડે એટલે એને સીધી ચોંટ મારે એવી આ વાત છે કે ભાઈ! એ ખ્યાલમાં આવ્યું... ખ્યાલમાં આવ્યું... બેસી ગયું, બરાબર સમજાઈ ગયું. એને હજી અહીંયાં અનાત્મા કહે છે. તે આત્મા નહિ, તે જ્ઞાન નહિ.

જ્ઞાન કોઈ બીજી ચીજ છે એમ અહીંયાં કહેવા માગે છે. અતીન્દ્રિય જ્ઞાનનું સ્વરૂપ કહેવામાં આ નહિ... આ નહિ... આ નહિ... આ નહિ... એમ કહેતા જાય છે. શાસ્ત્ર દ્વારા જે આત્મા કહેવાય છે. સત્શાસ્ત્રો આત્માને બતાવનારા છે, સત્પુરુષો પણ આત્માને બતાવનારા છે. એને સાંભળીને આત્મા ખ્યાલમાં લે. તો કહે છે નહિ, એ ખ્યાલવાળું જ્ઞાન તે જ્ઞાન નહિ અને તે આત્મા નહિ. આમ લેવું છે. ક્યાંય એ કલ્પનામાં પકડાય નહિ. એવી વાત લીધી છે. એટલા માટે જ્ઞાનલક્ષણ લીધું છે કે જે અતીન્દ્રિય જ્ઞાનલક્ષણ છે, સામાન્ય જ્ઞાનલક્ષણ છે એ પ્રત્યક્ષ છે, પ્રગટ છે, સ્વાનુભવગોચર છે, વેદનગોચર છે, પ્રકાશસ્વરૂપ છે.

વેદનગોચર છે એટલે પ્રકાશસ્વરૂપ છે. એ આત્મા, ત્યાંથી આવો આત્મા એમ ત્યાં અંતર્મુખ થવાય છે એટલે ત્યાંથી જ્ઞાન પ્રગટે છે એમ કહેવામાં આવે છે. ત્યાં જ્ઞાન પ્રગટ્યું.

જેવો અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા જ્ઞાનમાં આવ્યો એટલે અતીન્દ્રિય ભાવ ભાસ્યો, અતીન્દ્રિય લક્ષણ દ્વારા અતીન્દ્રિય ભાવ લક્ષિત થયો ત્યારે એને હજી જ્ઞાનમાં પ્રવેશવા માટેની એક મર્યાદા ઊભી થઈ. અનુભવ થયો ત્યારે જ્ઞાન થયું. એટલે એને મર્યાદિત થયું એમ કહે છે. મતિજ્ઞાનને અને શ્રુતજ્ઞાનથી જ્યારે જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય થાય છે ત્યારે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન મર્યાદામાં આવે છે અને એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એકદમ આગળ વધીને અતીન્દ્રિય આત્માનું અંતર અવલંબન લે છે ત્યારે એને નિર્વિકલ્પ અતીન્દ્રિય જ્ઞાનની દશા પ્રગટે છે. ત્યારે એને જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. પહેલું વહેલું જ્ઞાન થયું એમ ત્યારે કહેવામાં આવે છે. ત્યાં સુધી જ્ઞાન નથી થયું.

એ તો 'શ્રીમદ્જી'એ લીધું છેને, 'હોય પૂર્વ નવ ભણેલ પણ જો જીવને જાણ્યો નહિ.' જીવ એટલે આ અતીન્દ્રિયસ્વરૂપી આત્મા એને જાણ્યો નહિ, નિર્વિકલ્પ અતીન્દ્રિય આત્મા પ્રત્યક્ષ સ્વરૂપી, સહજ પ્રત્યક્ષ છે તેની પ્રત્યક્ષતા એને ભાસ્યમાન થાય છે ત્યારે એને આત્માનું જ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. બાકી તો બધા શાસ્ત્રો અને નવ પૂર્વ ભણ્યો હોય તોપણ આવા જીવને જાણ્યો નહિ ત્યાં સુધી એને જ્ઞાન થયું નથી.

મુમુક્ષુ :- ભાસ્યમાન એટલે અનુભવ થવો?

પૂજ્ય ભાઈશ્રી :- ભાસ્યમાન એટલે ત્યાં હજી ખ્યાલ છે, પણ ત્યાં પ્રત્યક્ષતાનો ખ્યાલ છે. એટલે ત્યાં થોડી જાતમાં ફેર પડે છે. ત્યાંથી સન્મુખતા આવે છેને. જ્ઞાન સન્મુખ થાય છે. પણ હજી જ્ઞાન થયું નથી. એ તો અતીન્દ્રિય અનુભવ થાય ત્યારે એને જ્ઞાન થયું એમ કહેવામાં આવે. પણ સન્મુખ થાય છે એટલો ફેર પડે છે. એ એનો પહેલામાં ફેર બતાવી દીધો. બાકી અનુભવજ્ઞાન તે જ્ઞાન છે અને બાકીનું જ્ઞાન તે કોઈ જ્ઞાન છે નહિ એમ લેવું છે.

દેડકા-ચકલાને આવું જ્ઞાન થાય અને અંગ-પૂર્વધારીને ન પણ થાય. એનો અર્થ શું થયો? જે કાંઈ કરવા યોગ્ય છે તે કરવામાં આવે તો થાય. નહિતર 'શ્રીમદ્જી'એ કહ્યું કે માત્ર મનનો આમળો. જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો. એને રાગ થયો કે હું શાસ્ત્ર વાંચી લઉં, હું શાસ્ત્ર સાંભળી લઉં. એ એને મનનો આમળો ઉતાર્યો, બીજું કાંઈ નહિ. માણસ કહે છેને કે આ કામ કર્યા વગર એને હોરી નહિ વળે, એક આમળો ચડ્યો છે. એમ આ શું કરે છે અજ્ઞાની જીવ? ફરી ફરીને સાંભળવું, ફરી ફરીને વાંચવું. માને કે જ્ઞાન થયું. ભાઈ! એ મનનો આમળો છે. જ્ઞાન કોઈ બીજી ચીજ છે.

આવું અતીન્દ્રિય જ્ઞાન ઉપરનું એનું વજન હોય તો ઇન્દ્રિયજ્ઞાનમાં ન અટકે અને નહિતર અટક્યા વગર રહે નહિ એ પરિસ્થિતિ છે. કેમકે ઉઘાડ છે એ પણ એનો એક એવી ચીજ છે કે લોકોને ખેંચાણ થાય છે. અરે..! વાહ! આટલું બધું જાણે છે! આટલું બધું સમજે છે! આકર્ષણ થાયને લોકોને! પણ ભાઈ! એ અનાત્માનું આકર્ષણ છે, એ જડનું આકર્ષણ છે, એ ઇન્દ્રિયના વિષયનું આકર્ષણ છે. એવું એને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપી આત્મા ઉપર એનું આકર્ષણ અને વલણ જવું જોઈએ. તો ક્યાંય અટકે નહિ અને એના અંતર શોધનમાં ઊંડે... ઊંડે... ઊંડે... અતીન્દ્રિય સ્વરૂપને શોધવા ચાલ્યો જાય. નહિતર એ ક્યાંકને ક્યાંક ભરાઈ જાય છે, ક્યાંકને ક્યાંક મહિમા આપીને અટકી જાય છે. કાં પોતાના ઉઘાડમાં અને કા બીજાના ઉઘાડમાં. એ એને ઉઘાડનો મહિમા એના આત્મા સુધી પહોંચવા દેતો નથી, રખડાવી મારે છે. એ બહુ અહીંયાં સારી રીતે એ વાત કરવી છે આ બોલમાં.

**પરમાગમસાર બોલ-૨૫૬ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૨૯-૫-૧૯૮૩, પ્રવચન નં. ૧૧૪, (વિષય : માર્ગદર્શન)**

**અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા છે, ઈન્દ્રિય જ્ઞાનમય નથી. ઈન્દ્રિયોથી શાસ્ત્રો વાંચ્યા, સાંભળ્યા તે જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન નહીં, તે આત્મજ્ઞાન નહીં, તે તો ખંડ-ખંડ જ્ઞાન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન પરસત્તા અવલંબી જ્ઞાન છે. તે બંધનું કારણ છે. અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ ! એકવાર સાંભળ, આત્માને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે, ઈન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં. ૨૫૬.**

.. કોઈપણ કારણે. જે ઉઘાડજ્ઞાન છે, બુદ્ધિરૂપ જ્ઞાન છે એનું મહત્વ આવે છે ત્યારે એનો રસ ચડ્યો, એની મહત્તા આવી, એની મહિમા આવી, એની મુખ્યતા આવી એ પ્રકાર થાય છે. એ ઈન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન જ નથી. સાચું તારું આગમ અનુસાર હોય તોપણ એ જ્ઞાન નથી. બોલ હવે શું કહેવું છે? આગમથી વિપરીત હોય તો તો જ્ઞાન છે જ નહિ. સમજણવાળું જ્ઞાન આગમ વિરુદ્ધ જતું હોય તો તો તે જ્ઞાન જ નથી. એમાં તો ચર્ચા કરવાનો પ્રશ્ન નથી. ... હોય તો પણ એ જ્ઞાન નથી એમ અહીંયાં સ્પષ્ટ કહે છે.

તે અતીન્દ્રિય જ્ઞાન નહિ. '**તે જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન નહીં,...**' એટલે કે '**તે આત્મજ્ઞાન નહીં,...**' જે જ્ઞાન આત્મજ્ઞાન ભવભ્રમણનું છેદક છે, ભવભ્રમણના નાશનું કારણ છે એ આત્મજ્ઞાન તે શાસ્ત્રનું જાણપણું સાંભળવું, વાંચ્યું, વિચાર્યું તે જ્ઞાન નથી એમ કહેવું છે. આમ તો 'સોનગઢ'વાળાની એવી છાપ છે કે આ બધા શાસ્ત્રો વાંચી વાંચીને બધા જ્ઞાની... જ્ઞાની... જ્ઞાની... છે. બહારવાળા એમ સમજે કે એ બધા જ્ઞાની. પણ અહીંયાં તો 'સોનગઢ'માં એમ કહે છે કે એ જ્ઞાન નહિ. વાંચી-વાંચીને, સાંભળી-સાંભળીને નક્કી કર્યું એ જ્ઞાન નહિ, જ્ઞાન બીજી ચીજ છે.

'**તે જ્ઞાન, અતીન્દ્રિય જ્ઞાન નહીં, તે આત્મજ્ઞાન નહીં, તે તો ખંડ-ખંડ જ્ઞાન છે.**' વિષય 'ગુરુદેવશ્રી'એ બહુ ચોખ્ખો કર્યો છે. કહે છે કે એ ઈન્દ્રિય દ્વારા ખંડ-ખંડપણે એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિય ખંડિત થઈને જાય છે, બીજા ઈન્દ્રિયથી ત્રીજી ઈન્દ્રિય (પ્રત્યે) ખંડિત થઈને જાય છે, આત્મા જે અખંડ જ્ઞાનસ્વભાવી છે, અખંડસ્વરૂપી આત્મા છે એને આવું ખંડખંડપણું હોય નહિ. ખંડ-ખંડપણું એનું સ્વરૂપ નથી એમ કહેવું છે. એ તો એના સ્વરૂપથી વિરુદ્ધ વાત છે, એ એનું સ્વરૂપ છે નહિ.

'**તે તો ખંડ-ખંડ જ્ઞાન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન...**' અત્યારે કોઈને નથી, હોં! આ કાળમાં તો કોઈને છે નહિ. વિચ્છેદ ગયા છે. મોટા ભાગના અંગ પૂર્વ છે એ વિચ્છેદ ગયા છે. '**૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન પરસત્તા અવલંબી જ્ઞાન છે.**' એકવાર તે ૧૧ અંગ અને ૯ પૂર્વ સુધી ભણી ગયો હોય તો એ બધું શાસ્ત્ર જે પુદ્ગલાત્મક છે એની હયાતી એટલે એની સત્તાને અવલંબીને ઉત્પન્ન થયેલું જ્ઞાન છે તે પરસત્તાવલંબી જ્ઞાન છે અને '**તે જ્ઞાન બંધનું કારણ છે.**' તે જ્ઞાન બંધનું કારણ છે. લ્યો આમ કહેવું છે. તે જ્ઞાન મોક્ષનું કારણ નથી પણ એ જ્ઞાન બંધનું કારણ છે. આમ છે.

રાગ તો ચોખ્ખે ચોખ્ખો બંધનું કારણ છે પણ અહીંયાં પરસત્તાઅવલંબી જ્ઞાન બંધનું કારણ છે. કેવી

વાત લીધી છે! જ્ઞાનને આવરણ થશે એનાથી એમ કહે છે. જ્ઞાન ખુલશે નહિ, જ્ઞાનશક્તિ ઉઘડશે નહિ પણ જ્ઞાનને એનાથી આવરણ થશે, જ્ઞાનાવરણીય બંધાશે તને. શાસ્ત્ર વાંચતા તો જ્ઞાનાવરણીયનો ઉઘાડ થાય છે. એ તો પૂર્વ કર્મનો ઉદય છે. અત્યારે જે ક્ષયોપશમ છે એ તો પૂર્વ કર્મનો ઉદય છે. જેમ પૂર્વ કર્મના ઉદયે બહારની સામગ્રી પૈસા, નિર્ધનતા, શ્રીમંતતા વગેરે થાય છે એમ અહીંયાં પણ બુદ્ધિનો ઉઘાડ લઈને આવે છે એ પૂર્વ કર્મનો ક્ષયોપશમ છે. પછી કોઈ શાસ્ત્રમાં ચલાવે અને કોઈ અસ્ત્ર-શસ્ત્રમાં ચલાવે અને કોઈ શાસ્ત્રમાં ચલાવે. પણ એ તો બધો પૂર્વ કર્મનો ઉઘાડ છે.

અતીન્દ્રિય જ્ઞાન છે એને ઉઘાડ સાથે કોઈ એવો સંબંધ નથી કે એને ઉઘાડમાં ઘણો ઉઘાડ હોય તો જ એને આત્મજ્ઞાન અને અતીન્દ્રિય જ્ઞાન થાય અને ઓછો ઉઘાડ હોય અને ઓછી સમજણ હોય તો એને ન થાય એવો નિયમ છે નહિ, એવો નિયમ નથી કોઈ. સંજ્ઞી પંચેન્દ્રિય જીવને પ્રયોજનભૂત વિષયમાં પોતાના પ્રયોજનની સૂઝ હોવાથી, સૂઝ રહેતી હોવાથી ઓછામાં ઓછા ઉઘાડવાળા તિર્યંચ જીવો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મને પામી શકે છે. કેમકે એ એનું પ્રયોજન છે. એમાં કાંઈ બહુ બુદ્ધિ જોઈએ અને બહુ શાસ્ત્રની સમજણ જોઈએ એવું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- તે જ્ઞાન ખંડખંડ જ્ઞાન છે. ખંડ ખંડ એટલે કટકા પડવા. ખંડ ખંડ જ્ઞાન એટલે ખંડ થવું એટલે કટકા પડવા. એક ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર છે. એક જ ઇન્દ્રિયજ્ઞાનના વિષયથી ચાલુ ને ચાલુ રહે એવું નથી બનતું. શું થાય છે? કે કોઈપણ પર વિષયમાં અંતર્મુહૂર્તથી વધારે ઉપયોગ (ટકી શકે નહિ). (ગમે) એવો ઇચ્છિત, ગમે તેવો ઇષ્ટ, ગમે તેવો રુચિકર વિષય હોય તોપણ પરવિષયમાં અંતર્મુહૂર્તથી કોઈ ઉપયોગ છદ્મસ્થનો રહી શકે નહિ. એ તરત જ બીજા ઇન્દ્રિયના વિષય બાજુ જાય, તરત જ ત્રીજા ઇન્દ્રિયના વિષય બાજુ જાય. ત્યારે એક ઇન્દ્રિયનો વિષય છોડીને, બીજા ઇન્દ્રિયના વિષય ઉપર જ્ઞાન જાય ત્યારે તે ઉપયોગ સળંગ રહેતો નથી. વિષય બદલાય જાય છે એટલે ઉપયોગ સળંગ રહેતો નથી, જ્ઞાન સળંગ રહેતું નથી, ખંડિત થાય છે તે જ્ઞાન. આ તો એક બહારનું એનું પડખું છે સમજાવવા માટે.

એનું અધ્યાત્મનું પડખું બીજી રીતે છે. આત્માને જે દુઃખ થાય છે એ ખંડ ખંડ જ્ઞાનને કારણે થાય છે. અખંડ જે જ્ઞાન હોય એમાં સુખ થાય અને ખંડ જ્ઞાનમાં દુઃખ થાય. જેમ કોઈ કટકા કરે તો એમાં એને પોષણ મળે? એને છેદે એમાં પોષણ મળે? એમ જ્ઞાન છેદાય છે અહીંયાં. એક એક જુદાં જુદાં વિષયમાં જ્ઞાનની પ્રવૃત્તિ થતાં જ્ઞાનમાં ખંડિતપણું થાય છે, છેદન થાય છે, ભેદાય છે જ્ઞાન. ભેદવાળું જ્ઞાન થઈને ભેદાય છે એ દુઃખનું ઉત્પાદક જ્ઞાન છે, ત્યાં દુઃખ ઊપજે છે એને. ભલે એણે સુખ માન્યું હોય તોપણ ત્યાં એને નિયમથી દુઃખ ઊપજ્યું છે. એમ જ્ઞાની જ્ઞાનમાં બરાબર જાણે છે. અજ્ઞાની જાણતો હોય કે ન જાણતો હોય. એ તો સુખની કલ્પના કરીને રાચે. પણ એને ત્યાં દુઃખ થાય છે.

અખંડ જે જ્ઞાનસ્વભાવ, અખંડ જે સ્વરૂપ છે એના આધારે એને અવલંબીને જે જ્ઞાનની ધારા ચાલે, જે જ્ઞાનનો ઉપયોગ થાય એને અખંડ જ્ઞાન કહેવામાં આવે છે. કેમકે અખંડ સ્વરૂપના આકારે સ્વરૂપાકાર થયેલું, સ્વઆકાર થયેલું જ્ઞાન તે અખંડ જ્ઞાન છે. એ જે ધારા છે, વીતરાગી ધારા મોક્ષમાર્ગની છે, જ્ઞાનધારા જેને કહે છે, તે અખંડજ્ઞાન છે. એ ધારા ઉપર જે શુદ્ધોપયોગ થાય છે એ પણ અખંડ જ્ઞાન છે. કેમકે જ્ઞાન ત્યાં ખંડિત નથી થતું. ત્યાં અખંડની સાથે સ્વરૂપાકારજ્ઞાન, સ્વરૂપમાં લીન થયેલું જ્ઞાન, સ્વરૂપમાં તન્મય થયેલું જ્ઞાન એ સ્વરૂપ સદૃશભાવે છે. જે જ્ઞાન સ્વભાવ જ્ઞાન છે એવું જ તે પ્રગટ જ્ઞાન છે. સહજ જ્ઞાન છે એવું જ વ્યક્ત જ્ઞાન છે. એટલે તે જ્ઞાન છે તે અખંડ જ્ઞાન છે. અને ઇન્દ્રિયજ્ઞાન છે તે ખંડ ખંડ જ્ઞાન છે.

ખરેખર તો એ ખંડિતપણું, અખંડ અને ખંડ બેય સાપેક્ષ છે. જેને અખંડજ્ઞાન પ્રગટે છે એને ખંડજ્ઞાનનો

ખ્યાલ આવે છે. એટલે જ્ઞાનીને જે અખંડ જ્ઞાનધારા વર્તે છે એનો ઉપયોગ બહાર જાય છે ત્યારે એમાં ખંડિતપણું શું થાય છે એનું એને જ્ઞાન થાય છે. બેય સાપેક્ષ છે અખંડ અને ખંડ. બાકી આમ ખ્યાલ ન આવે એટલો કે એમાં ખંડ ખંડ શું થયું? કેમકે એને સળંગ લાગે છે બધું. અહીંથી અહીંયાં ઉપયોગ ગયો અને ઉપયોગ અહીંથી અહીંયાં ગયો તો બધું એને સળંગ જ લાગે છે. સ્થૂળ છેને ઉપયોગ. સ્થૂળ જ્ઞાન છે, જાડું જ્ઞાન છે (એટલે) ખબર નથી પડતી. પણ એ ખંડખંડ જ્ઞાન છે. અને એ ખંડિત થયેલું જ્ઞાન છે એવું આત્માનું સ્વરૂપ નથી. તેથી એ જ્ઞાનને આત્મા કહેતા નથી.

મુમુક્ષુ :- ... જ્ઞાન તો ગૌણ કર્યું એમાં જાણવું-જાણવું થાય છે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ જે સામાન્ય જ્ઞાન છે એ ખંડ-ખંડ જ્ઞાન નથી. એ તો જ્ઞાનલક્ષણ છે આત્માનું. જે જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... સામાન્યજ્ઞાન છે એ જ્ઞાન સામાન્ય છે એ ખંડિત નથી. જ્ઞાન વિશેષ થાય છે, ઉપયોગ બહાર જાય છે, ઇન્દ્રિય મારફત પ્રવર્તે છે તે ખંડિત જ્ઞાન છે, તે ખંડ-ખંડ જ્ઞાન છે. એમ.

'**તે બંધનું કારણ છે.**' પરસત્તાને સાધતું હોવાથી, પરપદાર્થને સાધતું હોવાથી, રાગને સાધતું હોવાથી તે જ્ઞાન બંધનું કારણ છે. પોતે પરપદાર્થમાં પ્રતિબદ્ધતા પામતું, પ્રતિબદ્ધપણું પામતું તે જ્ઞાન, તે પ્રતિબદ્ધપણું કહો કે બંધપણું કહો કે ભાવબંધ કહો કે એના નિમિત્તે થતો દ્રવ્યકર્મનો બંધ કહો, બધું બંધનમાં જાય છે. બંધના બે પ્રકાર : એક દ્રવ્યબંધ અને એક ભાવબંધ. જે આત્માનો ભાવ પરદ્રવ્યમાં પ્રતિબંધ થાય--પ્રતિબદ્ધ થાય તે ભાવબંધ છે અને એના નિમિત્તે જે દ્રવ્યકર્મનો સંબંધ થાય તેને દ્રવ્યબંધ કહેવામાં આવે છે. એને સંબંધ એટલા માટે કહે છે કે ઘણા કાળ પર્યંત આત્માના એક ક્ષેત્રાવગાહ પર્યંત રહે છે એટલે એને સારો બંધ, સંબંધ. ઘણો બંધ, સ-બંધ એટલે ઘણો બંધ કહ્યો. અમારે ઘણો સંબંધ છે એમ કહે છેને. એ ઘણો બંધ કહ્યો. ઓલો છૂટી જાય છે. જે ભાવબંધ છે ને એ ક્ષણે ક્ષણે કલ્પે છે. એ તો એક સમયનો બંધભાવ છે, બીજા સમયે તેનો તે બંધભાવ હોતો નથી. નવો બંધ ભાવ ઉત્પન્ન કરે એ બીજી વાત છે. ન કરે તો ન થાય અને કરે તો થાય એમ. એટલે તે બંધનું કારણ છે.

'**અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ ! એકવાર સાંભળ,...**' જુઓ! એને પણ પ્રભુ કહ્યો છે. પરમાત્મા એમ સંભળાવે છે કે પ્રભુ! એકવાર તું સાંભળ. તારું જે પ્રભુત્વ છે, તારી જે પ્રભુતા છે એને તું એકવાર સાંભળ. તું માને છે એવો તું પામર અને નમાલો નથી. '**અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ! એકવાર સાંભળ, આત્માને અતીન્દ્રિય-જ્ઞાનથી જાણવું થાય છે, ઇન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં.**' આત્માને તો અતીન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય છે. એનું જે સ્વભાવજ્ઞાન છે એ તો અતીન્દ્રિય જ્ઞાન છે તેનાથી તે જાણે છે. ઇન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહિ, તે અનાત્મા છે. જડ જેવો છે એને અહીંયાં અનાત્મા કહેવામાં આવે છે. આમ લીધું છે.

નીચપદમાં ઉચ્ચપદ માને છે. જે ઇન્દ્રિયજ્ઞાનને કિંમત આપે છે, ઇન્દ્રિયજ્ઞાનની જેને મહિમા છે અને એનું મહત્વ છે, ઇન્દ્રિયજ્ઞાનની જેને મુખ્યતા છે કે મારી બુદ્ધિ ઘણી. ઉઘાડ છેને એ બુદ્ધિરૂપ છે કે મારી બુદ્ધિ ઘણી. એને એમ કહે છે કે તું તો અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છો, અતીન્દ્રિય જ્ઞાનનો સમુદ્ર તું છો. અને આટલા એક ખાબોચિયા જેવા બુદ્ધિના થોડા વિકાસમાં તેં એમ માન્યું કે હું તો ઘણો આગળ વધી ગયો. આ તો તેં નીચ પદમાં ઉચ્ચ પદ માની લીધું છે. એ પરિસ્થિતિ છે.

કહે છે કે '**ઇન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં.**' તેને આત્માના ખાતામાં લઈ જવાનું નથી. એમ. અહીંથી અસંતોષ ઊભો થવો જોઈએ. ઘણું વાંચે, ઘણું સાંભળે, ઘણું વિચારે પછી અતીન્દ્રિય જ્ઞાનની ઉપલબ્ધિ ન થાય તો એને અહીંથી અસંતોષ થવો જોઈએ કે આ કાંઈ કર્યું નથી. નિરાવરણજ્ઞાન પ્રગટ ન થાય, અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ ન થાય તો આ આવરણવાળું

જ્ઞાન, જેનાથી નવું આવરણ થાય, બંધ થાય એ જ્ઞાનને જ્ઞાન શું કહેવું? એ જ્ઞાન તે ખરેખર જ્ઞાન નથી. અને એને જ્ઞાન ગણવા જતાં જ્ઞાનનું અભિમાન થશે, બીજું કાંઈ થશે નહિ. એ અસત્ આગ્રહ છે. ઇન્દ્રિયજ્ઞાનનો આગ્રહ તેને અસત્ આગ્રહ કહેવામાં આવે છે. અસત્ એટલે આત્મામાં તે સત્ નથી. સત્સ્વરૂપ એવા આત્મામાં એની હયાતી નથી ઇન્દ્રિયજ્ઞાનની તેથી તે અસત્ છે. અસત્નો આગ્રહ એ અસત્યનો આગ્રહ છે. એમાંથી દુર્ગુણ વધવાની પરિસ્થિતિ ઊભી થાય છે. ગુણ વધવાની પરિસ્થિતિ એમાંથી છે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનસામાન્ય ઉપર જાવું જોઈએ. પ્રયોગની અંદર જ્ઞાનસામાન્ય (ઉપર જાવું જોઈએ). જે જ્ઞેયાકાર જ્ઞાન છે, વિશેષ જ્ઞાન છે એમાં ક્યારેય લોભાવું નહિ. જે કોઈ જીવ જ્ઞેયાકાર જ્ઞાનમાં લુબ્ધ છે, ૧૫મી ગાથામાં આ શબ્દ છે, વિશેષજ્ઞાન એટલે જ્ઞેયાકાર જ્ઞાનમાં જે જીવ લુબ્ધ છે તેનો અર્થ જ એ છે કે તે ઇન્દ્રિયના વિષયોનો લોલુપી છે. એમ લીધું છે ત્યાં. એવો શબ્દ વાપર્યો છે ત્યાં. એ એનો બીજો અર્થ છે. અથવા ઇન્દ્રિય વિષયમાં લોલુપતા ક્યાંથી ઉત્પન્ન થાય છે? કે જ્ઞેયાકારરૂપ જે વિશેષ જ્ઞાન છે તેમાં આકર્ષણ અને તેનું મહત્ત્વ રહેવાથી. ત્યાંથી એ વાત આગળ ફાલીફુલીને ઇન્દ્રિય વિષય ઉપર જાય છે. એટલે અહીંયાંથી બંધ કરવું છે.

જે જ્ઞાન, જ્ઞાનનું જે અંદરનું અંતરંગ છે, અંદરનું અંગ છે તે જ્ઞાનસામાન્ય છે. જ્ઞાનનું જે બહિર અંગ છે તે જ્ઞાનવિશેષ છે. એટલે તો ભેદજ્ઞાનમાં એ વાત લીધી છે. ૧૨૬ કળશમાં સંવર અધિકાર. પહેલી ગાથા ઉપરનો જે કળશ ૧૨૬મો લીધો એમાં એ વાત લીધી છે કે કેવી રીતે ભેદજ્ઞાન કરવું? આ પ્રયોગ કેવી રીતે કરવો એમ કહો કે ભેદજ્ઞાન કેવી રીતે કરવું? કે અંતરંગ સૂક્ષ્મ અનુભવદષ્ટિપૂર્વક જ્ઞાનને જુદું પાડવું. જ્ઞાનને કેવી રીતે ગ્રહણ કરીને જુદું પાડવું? જ્ઞાનને ગ્રહણ કરીને એટલે સ્વરૂપને ગ્રહણ કરીને. કે અંતરંગ સૂક્ષ્મ અનુભવદષ્ટિપૂર્વક. આટલા શબ્દો લીધા છે. કે અંતરંગ શબ્દ શું કરવા લીધો? આ વિચારવા જેવું છે. એમાં અંતરંગ શું? કે વિશેષ જે જ્ઞાન છે એને તું પકડીશ તો જુદું નહિ પડે. કેમકે જ્ઞેયાકાર જ્ઞાન તો જ્ઞેયો સાથે જોડાયેલું છે. વિશેષ જે જ્ઞેયાકાર જ્ઞાન છે એનો સંબંધ તો પરજ્ઞેયો સાથે છે. અને જે જ્ઞાનસામાન્ય છે એ જ્ઞાનનું અંતરંગ છે. જ્ઞાનવિશેષ છે તે જ્ઞાનનું બહિરંગ છે, બહારનું અંગ છે. અને તે જ જ્ઞાનને જ્ઞાન સામાન્ય તે જ્ઞાનનું અંતરંગ છે. તે અંતરંગ સૂક્ષ્મ છે. અંતરંગ છે એ સૂક્ષ્મ છે. જે જ્ઞેયાકાર જ્ઞાન છે તે સ્થૂળ છે, પકડાય છે.

એ સૂક્ષ્મ જે અંતરંગ છે એનો અનુભવદષ્ટિપૂર્વક. એના અનુભવમાં જાવું છે. જે જીવ પોતાના જ્ઞાનમાં ઊપજતા વિશેષ જ્ઞેયાકારોને પણ ગૌણ કરીને સામાન્ય જ્ઞાનને મુખ્ય કરે છે તે જ્ઞાન જ્ઞાનના વિષયને તો મુખ્ય કરે એ તો પ્રશ્ન જ રહેતો નથી. આને પારમાર્થિક ઉપેક્ષા કહેવામાં આવે છે. પરમાર્થ ઉપેક્ષા શું છે? કોઈ એમ કહે કે ભાઈ, શું કરીએ? આ કેરીનો રસ છેને એ ખાવામાં ઠીક પડી જાય છે. જમવા બેસીએ ત્યારે એમ થાય કે બે-ચાર વાટકા તો બરાબર રોજ દાબી જવા જોઈએ. પણ ભાઈ! કહે છે કે એની ઉપેક્ષા તું ક્યારે કરી શકીશ? આ તો એક દષ્ટાંત છે. પણ કોઈપણ ઇન્દ્રિય વિષયની તું ઉપેક્ષા ક્યારે કરી શકીશ? કે જ્યારે તને તારા અંતરંગ જ્ઞાનની અપેક્ષાપૂર્વક એનો આવિર્ભાવ કરવા જતાં એની અપેક્ષા થશે ત્યારે વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનની પણ ઉપેક્ષા થશે. તો પછી વિશેષ જ્ઞાનનો વિષય જે પરપદાર્થ એની અપેક્ષા થવાનો પ્રશ્ન રહેતો નથી. આમ મૂળમાંથી જો મોહને કાપવામાં ન આવે તો એ કોઈ રીતે મટે એવી ચીજ નથી.

ચીકણું દરદ છે. જેમ ચીકણું દરદ જલ્દી મટતું નથી. ચીકણા દરદ થાય છેને. તાવ ઉતર્યો હોયને. આજે આવે તો કાલ ઉતરી જાય. કેમ? એ મૂકો એનો ઉપચાર કરો. પણ જે ચીકણું દરદ હોય છે એ મટતું નથી. એમ મોહ છે એ જીવના બહુ ચીકણા પરિણામ છે. દર્શનમોહ છે એ જીવના ચીકણા પરિણામ છે. એને મટાડવા માટેનો અંતરનો અંતરંગ પ્રયોગ છે. ભેદજ્ઞાન છે એ એનો અંતરંગ પ્રયોગ છે. અને એ પ્રયોગ સાવધાનીથી કરે ત્યારે એને...

એ વિષય ચાલ્યો આવે છે આપણે અહીંયાં. પછી જ છે. ૨૫૮માં એ છે.

**'રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે. બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે.'** ૨૫૮માં એ વિષય છે. ૧૮૧ કળશ છે એ મોક્ષ અધિકારનો. 'સમયસાર'માં તો ઠામ ઠામ ભેદવિજ્ઞાનની વાત છે. કોઈ અધિકાર બાકી નથી કે જેમાં ભેદવિજ્ઞાનનું નિરૂપણ નથી. એવો એકેય અધિકાર નથી. અને કેટલી ગાથામાં એ વિષય લીધો છે.

કહે છે કે **'ઇન્દ્રિય જ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં.'** શાસ્ત્રનું જાણવું થાય, શાસ્ત્રજ્ઞાન જેને કહેવાય તે જ્ઞાન પણ આત્મજ્ઞાન નહિ. આત્મજ્ઞાન જુદું અને શાસ્ત્રજ્ઞાન જુદું, વિદ્વતા જુદી અને જ્ઞાન જુદું. જ્ઞાની કોઈવાર વિદ્વાન હોઈ શકે છે. પણ એવું નથી કે વિદ્વાન હોય તે બધા જ્ઞાની હોય. એમ કદી માનવું નહિ. આમ છે. જ્ઞાની વિદ્વાન હોવાનો સંભવ છે અને જ્ઞાની વિદ્વાન ન પણ હોય. બેય વાત છે. કોઈ જ્ઞાની વિદ્વાન પણ હોય અને કોઈ જ્ઞાની વિદ્વાન ન પણ હોય. છતાં એને જે આત્મજ્ઞાન છે તે જ્ઞાન છે. વિદ્વત્તા તેને પણ જ્ઞાન નથી. તેને આત્મજ્ઞાન છે તો જ્ઞાન છે. એટલે વિદ્વતા જુદી અને જ્ઞાન જુદું. બાકી આત્મજ્ઞાન વિનાના જે... એને લગતો છે એટલે એમાંથી ને એમાંથી લીધો છે. એક જ પ્રવચનમાંથી છે. પ્રવચનસારની ૧૭૨ ગાથાનો.

**'ઇન્દ્રિયજ્ઞાનના જેને રસ ચડ્યા છે તેને અતીન્દ્રિયજ્ઞાન થતું નથી.'** છે આવ્યુંને? અહીંયા ક્ષયોપશમ જ્ઞાન નહિ પણ ઇન્દ્રિયજ્ઞાન શબ્દ છે. એટલે શું? કે જેને પોતાને બુદ્ધિનો ઘણો ઉઘાડ છે, જેની બુદ્ધિ વિશાળ છે, જેની બુદ્ધિ તીક્ષ્ણ છે, સૂક્ષ્મ છે એવા જેને બુદ્ધિવાળા કહી શકાય છે, બુદ્ધિમાન કહી શકાય છે એ બુદ્ધિમાનને પોતાની બુદ્ધિની મહત્તા આવે છે, એને ઇન્દ્રિયજ્ઞાનનો રસ અહીંયા કહ્યો છે. તે અનાત્મરસ છે, એ આત્મરસ નથી. જેમ બહારમાં પાંચ ઇન્દ્રિયના વિષયનો રસ તે અનાત્મરસ છે, જડરસ છે, પુદ્ગલનો રસ છે એમ ઇન્દ્રિયજ્ઞાનનો જે રસ છે તે પણ પુદ્ગલનો રસ છે, ક્ષયોપશમનો રસ છે. ક્ષયોપશમ તો કર્મનો પ્રસંગ છે, કર્મનો પ્રકાર છે. એ કર્મના ક્ષયોપશમનો રસ થઈ ગયો એને પુદ્ગલનો રસ થઈ ગયો. એને જે રસ ચડી ગયો છે, જેના પરિણમનમાં એ રંગ અને એ રસ ચડેલો છે, તેને અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થતું નથી. આ સિદ્ધાંત લીધો. ક્યાં સુધી? કે જ્યાં સુધી એ રસ એને ચાલુ રહે ત્યાં સુધી. આમ છે.

એટલે એની કિંમત એણે કાઢી નાખવી જોઈએ. જ્યાં સુધી અતીન્દ્રિય જ્ઞાન પ્રગટીને આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી એને ઇન્દ્રિયજ્ઞાનની વિશેષતા એણે માની હોય એના ઉપર એણે મીંડું મૂકી દેવું જોઈએ. આમ છે.

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકમાં..)

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. હવે પછી રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનોનો પ્રારંભ કરવામાં આવશે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧૨-A



પ્રશ્ન :- .. અને બાકીના બધા ગુણો નિર્વિકલ્પ છે. તો કેવળજ્ઞાન પણ સવિકલ્પ કહેવાય કે જ્ઞાન...?

ઉત્તર :- જ્ઞાનગુણ સવિકલ્પ છે. જ્ઞાન બધાને જાણે છે. બીજા ગુણો પોતાને જાણતા નથી, બીજા ગુણો બીજાને જાણતા નથી. એક જ્ઞાનગુણ એવો છે કે બધાને જાણે છે. જ્ઞાનગુણ બીજા અનંતા ગુણોને જાણે છે, જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન બીજા ગુણોને જાણે છે, જ્ઞાન લોકાલોકને જાણે છે. માટે જ્ઞાનને સવિકલ્પ કહેવામાં આવે છે. પણ રાગનો વિકલ્પ હોય એવી જાતનો વિકલ્પ એ નથી. એનો તો સહજ સ્વભાવ જાણવાનો છે માટે એને સવિકલ્પ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ હોવા છતાં એને સવિકલ્પ કહેવાય છે. કેવળજ્ઞાન—એને પણ સવિકલ્પ કહેવાય. કારણ કે એ જાણે છે બધું માટે. એને જાણવાની અપેક્ષાએ કહેવાય. વસ્તુ સ્વભાવે નિર્વિકલ્પ છે એમાં કાંઈ રાગનો વિકલ્પ નથી એ તો વીતરાગ છે. એને કાંઈ વિકલ્પ એક પછી એક વિકલ્પ કરીને જાણવાનું નથી. એ તો સહજ નિર્વિકલ્પપણે જાણે છે. રાગની અપેક્ષાએ તો વીતરાગ છે, નિર્વિકલ્પ છે. પણ જાણવાની અપેક્ષાએ એને સવિકલ્પ (કહેવાય છે). એ સવિકલ્પપણું જુદી જાતનું છે. આ જે વિકલ્પ થયા કરે છે એવા વિકલ્પ એ નથી. એ તો જાણવું. જાણવું એ અપેક્ષાએ સવિકલ્પ છે.

કેવળજ્ઞાન થાય તોપણ તે જ્ઞાનગુણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, બીજા અનંત ગુણો પોતામાં છે એને જાણે. જ્ઞાન બીજા દ્રવ્યોને જાણે, જ્ઞાન બીજાના ગુણોને, બીજાની પર્યાયોને જ્ઞાન બધું જાણે છે માટે જ્ઞાનને સવિકલ્પ કહેવામાં આવે છે. પણ તે જ્ઞાન જુદું રહીને જાણે છે. બીજામાં ભળીને જાણતું નથી. દર્શનગુણ, ચારિત્રગુણ એ બધા ગુણ પોતે પોતાને નથી જાણતા પણ જ્ઞાન એને જાણે છે.

પ્રશ્ન :- એ અપેક્ષાએ નિર્વિકલ્પ કહ્યા છે.

ઉત્તર :- હા, એ અપેક્ષાએ નિર્વિકલ્પ છે. જાણવાની અપેક્ષાએ સવિકલ્પ. વીતરાગતાની અપેક્ષાએ નિર્વિકલ્પ કહ્યા. બીજા ગુણ જાણતા નથી માટે તે નિર્વિકલ્પ. જ્ઞાન જાણે છે માટે સવિકલ્પ.

પ્રશ્ન :- માતાજી! 'પ્રવચનસાર'માં આવે છે કે શ્રમણને એકાગ્રતા હોય જ છે. શ્રમણને એકાગ્રતા હોય જ છે અને તે એકાગ્રતા જેને પદાર્થોનો નિર્ણય હોય છે એને જ હોય છે. અને પદાર્થોનો નિર્ણય આગમજ્ઞાનથી થાય છે. તો આગમજ્ઞાન એટલે ભગવાનની વાણી અનુસાર રચેલા સત્ શાસ્ત્રો, એનો અભ્યાસ કરે છે છતાં વિશ્વાસ જે નિર્ણય પદાર્થોનો નિર્ણય આવવો જોઈએ એ અમુકને આવે છે, અમુકને આવતો નથી. તો એ વિશ્વાસ કેમ આવતો નથી? પદાર્થનું સ્વરૂપ યથાર્થ ન જાણે ત્યાં સુધી તો વિશ્વાસ આવવાની વાત રહેતી નથી. પણ યથાર્થ સ્વરૂપ જાણ્યા પછી પણ વિશ્વાસ આવવામાં જે વાર લાગે છે અને કોઈને વહેલો આવે છે, કોઈને બહુ પાછળ મોડેથી આવે છે, કોઈને નથી આવતો, ઘણા વખત

સુધી અભ્યાસ કર્યા કરે છતાં વિશ્વાસ આવતો નથી તો એનું શું કારણ?

ઉત્તર :– એનું કારણ પોતે દઢતા કરતો નથી માટે. ઝાઝું જાણે તો વિશ્વાસ આવે એવું નથી કાંઈ. વિશ્વાસ કરવો પોતાના હાથની વાત છે. જ્ઞાનમાં જાણ્યું. શાસ્ત્ર આગમમાં શું કીધું છે, ભગવાને શું કીધું છે, આચાર્યોએ શું કીધું છે એ બધા દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ પોતે વિચારથી જાણે પણ એને નક્કી કરીને વિશ્વાસ લાવવો પોતાના હાથની વાત છે. એ કાંઈ આગમ કરી દેતું નથી, કરવાનું પોતાને રહે છે. પોતાના પુરુષાર્થથી વિચારો કરીને એનો નિર્ણય, એની યુક્તિ અને એની દઢતા બધી રીતે પોતાને નિર્ણય કરવાનો (રહે છે). કો'કને વહેલો નિર્ણય થાય, કો'કને મોડો થાય. એમાં બધામાં પોતાના પુરુષાર્થનું કારણ છે. નિમિત્ત કાંઈ કરી દેતું નથી. ઘણો અભ્યાસ કરે પણ નિર્ણય લાવવો પોતાના હાથની વાત છે કે વસ્તુનું સ્વરૂપ આમ જ છે. એમ નક્કી કરે. પણ અંદરથી પોતાનો સ્વભાવ ઓળખીને જે નિર્ણય કરવો તે નિર્ણય કરવો પોતાના પુરુષાર્થ વગર થઈ શકતો નથી. પુરુષાર્થ હોય તો જ થાય છે.

પ્રશ્ન :– માતાજી! લૌકિકમાં તો, આ દવાથી આ સારું થશે, ફલાણાથી આમ થશે તો તરત જ વિશ્વાસ આવી જાય છે. અહીંયાં સ્વરૂપ તો જેમ છે એમ બરાબર દરેક અપેક્ષાથી જે રીતે વિચારવું જોઈએ એ રીતે વિચારીને નક્કી કરે છે. છતાં પાછો વિશ્વાસ જે કાયમ ટકી રહેવો જોઈએ, આવવો જોઈએ અને ટકી રહેવો જોઈએ એ અહીંયાં બનતું નથી એનું શું કારણ હશે? એની સાથે બીજા કોઈ ગુણના પરિણમનને સંબંધ હશે? જેમ કે રુચિ હોય ત્યાં વિશ્વાસ વધારે કરી શકે એવું કાંઈ હશે? કે પુરુષાર્થ આપે કહ્યો પણ એ પુરુષાર્થ કયા પ્રકારનો?

ઉત્તર :– એ પોતાને અંદરથી દેખાતું નથી. વિચારો કરે, શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, યુક્તિથી બધું નક્કી કરે છે પણ એ વિશ્વાસ પોતે લાવતો નથી. એમાં બધું ભેગું સંકળાયેલું છે. રુચિ ઓછી છે, લગની ઓછી છે. એ બધું પોતે અંદરથી બરાબર નિઃશંકતા વિશ્વાસ લાવતો નથી એ પોતાના પુરુષાર્થનું કારણ છે. એટલી રુચિ પણ ઓછી છે. બધું સંકળાયેલું એમાં હોય છે. પણ એ બધો મેળ ક્યારે ખાય? એ તો પોતે પુરુષાર્થ કરે તો બધું આવીને મળે છે. એટલી લગની લગાડે તો અને પોતે પુરુષાર્થ કરે તો વિશ્વાસ આવ્યા વગર રહેતો જ નથી. એટલી લગની લાગવી જોઈએ કે મારે નક્કી કરવું જ છે. મારે ભવનો અભાવ કરવો છે, ભવનો અભાવ કેમ થાય એ માર્ગ મારે મેળવવો જ છે અને આત્માના સુખની પ્રાપ્તિ મારે કરવી જ છે એવી જો લગની લાગે, અંદરથી લાગે તો એ વિશ્વાસ પણ લાવે અને પુરુષાર્થ પણ કરે. પણ એટલી લગની લાગી નથી, એટલો કાંઈ ભવભ્રમણનો થાક લાગ્યો નથી. એ બધું અંતરમાંથી બરાબર લાગે કે મારે કર્યે જ છૂટકો છે, તો કર્યા વગર રહેતો જ નથી. પણ થોડી વાર કરે અને પાછો ડાલમડોલ કરે છે. એ પોતાનું જે અનાદિનું છે એવું શંકાશીલ પાછું થઈ જાય છે. પણ જો એને ખરી લાગી હોય તો એ નિર્ણય કર્યા વગર રહેતો નથી. ગુરુ કહે છે, આગમ કહે છે પણ નિર્ણય લાવવો પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :– પોતાના પરલક્ષી જ્ઞાનમાં પણ જણાય છે કે આ રીતે ભિન્ન ભિન્ન છે અને એમાં રુચિનો વિષય, પોતાના માટે રુચિનો વિષય તો જ્ઞાયક આત્મા જ હોઈ શકે, બીજો કોઈ હોઈ શકે નહિ. છતાં પણ એ રુચિમાં હું જ્ઞાયક જ છું... હું જ્ઞાયક જ છું.. એ એને ટકી નથી રહેતું.

ઉત્તર :– અનાદિના અભ્યાસમાં દોડ્યો જાય છે. પણ એને વારંવાર પુરુષાર્થ કરવો જોઈએ. વારંવાર એની પાછળ લાગવું જોઈએ તો થાય. આમ બહારનું

છે તો એની પાછળ લાગે છે કે આ મારે અભ્યાસ કરવો છે, આટલું ભણતર કરવું છે તો એની પાછળ લાગે છે. તો એ તો કેટલું પુણ્યાધીન છે. એને બહારથી દવા લાગુ પડવી કે ધન મળવું બધું પુણ્ય આધીન (છે). તો એમાં પુરુષાર્થ કર્યે જાય છે. અને આ એને અંદર એટલું દુઃખ નથી લાગ્યું, ભવનો થાક નથી લાગ્યો. માટે એટલી રુચિ નથી માટે કરી કરીને છોડી દે છે. પાછો શંકામાં ઊભો રહે છે.

પ્રશ્ન :- ટકી રહે એટલે શું કહેવું છે? પોતાનો સ્વભાવ ખ્યાલમાં આવવા છતાં ઉપયોગ ત્યાં ટકતો નથી. પ્રતિકૂળતામાં પાછો દોડી જાય છે.

ઉત્તર :- એ પોતે અંદર એટલી લાગી હોય ને તો પાછો ફેરવ્યા કરે વારેવારે. ઉપયોગ અનાદિનો અભ્યાસ છે એટલે દોડ્યો જાય છે. તો એને વારે વારે ફેરવ્યા કરે. વારે વારે આ ક્યાં ચાલ્યો જાય આત્મા. મારે તો આત્માનું કરવું છે. આ બધું કાંઈ સુખરૂપ નથી. સુખ તો મારા આત્મામાં છે. હું તો જ્ઞાયક છું. વારેવારે ફેરવ્યા કરે, વારંવાર પુરુષાર્થ કર્યા કરે. થાકી જાય, મંદ પડી જાય તો વારેવારે કર્યા કરે. એની પાછળ પડ્યા કરે તો થયા વગર રહેતું નથી. એક કામ શીખવું હોય તો એની પાછળ પડ્યા કરે છે. એમ આ સમજવા માટે એની પાછળ પડ્યા કરે વારેવારે. પછી એનો કેટલો ટાઈમ જાય તો આકુળતા ન કરે. એ કર્યા જ કરે એની પાછળ. અને એમ ને એમ પુરુષાર્થ ચાલુ જ રાખે.

પ્રશ્ન :- કોઈ જીવને એકદમ શ્રદ્ધા થઈ જાય કે વિશ્વાસ બેસી જાય. કોઈને હજારો વર્ષો થાય તો વિશ્વાસ આવતો નથી. આમ બધું ધારણા જ્ઞાનથી બધુ બોલી જાય, કહી જાય, સમજાવી જાય પણ જે અંદરમાં પોતાને વિશ્વાસ આવવો જોઈએ કે આ જ્ઞાયક તે જ હું છું. આ જુદો જ્ઞાયક હું રહ્યો. એવો વિશ્વાસ જે આવવો જોઈએ. હવે આમ જોઈએ તો પરદ્રવ્યો, રાગ, એક સમયની પર્યાય અને જ્ઞાયક—આ ચારને વિભાગ કરી નાખીએ તો ચાર વસ્તુ છે. અને એમાં રુચિનો વિષય રુચિની અપેક્ષાએ લઈએ તો રુચિનો વિષય જ્ઞાયક સિવાય બીજું કોઈ થઈ શકે એવું નથી. આ બધું ભાવમાં બેસે છે છતાં કેમ નહિ ટકી રહેતો હોય કે ના હું જ્ઞાયક જ છું. આમાં રુચિ અપેક્ષાએ એને ટકી રહેવાનું છે.

ઉત્તર :- ટકી નથી રહેતો. એનો .. બદલાય જાય છે અનાદિનો. એવા નિર્ણયની દઢતા કરે, જ્ઞાયકને ગ્રહણ કરે, રુચિની તીવ્રતાથી એ જ્ઞાયક ગ્રહણ કરે અને શ્રદ્ધા લાવે, બરાબર પુરુષાર્થ કરીને ટકી રહે એમાં એકાગ્ર થાય તોપણ એ પુરુષાર્થથી જ થાય છે બધું. એની લગની હોય. પુરુષાર્થ થાય ક્યારે? કે એની લગની હોય તો થાય, એની રુચિ હોય તો થાય. એની ખટક હોવી જોઈએ. તો થાય.

પ્રશ્ન :- અત્યારે જે લગની લાગે છે એ ખરેખર પૂરી લગની નથી?

ઉત્તર :- પૂરી નથી. લગની લાગી લગની છૂટી જાય છે. ઠેઠ સુધી પહોંચતો નથી. એમ. થોડી લગની લાગે. લાગી લાગીને પછી થોડું નક્કી કરે અને પાછું છૂટી જાય છે. અને એને પલટો મારવો, આખી દિશા ફેરવવી એને અઘરું પડે છે. આખી દૃષ્ટિની દિશા પલટવી એને અઘરું પડે છે. અનાદિની દૃષ્ટિ આમ બહાર ચાલી રહી છે. એ દૃષ્ટિને જ્ઞાયક ઉપર એને શ્રદ્ધામાં લાવવી, જ્ઞાયક ઉપર જ એને સ્થિર કરવી એ આખી દિશા પલટવી એને અઘરી પડે છે. દિશા એને પલટતી નથી. એમાં એને પહેલી ભૂમિકા કઠણ હોય છે. 'સમજ પીછે સબ સરલ હૈ.' આવે છે. પહેલા એકદમ કઠણ લાગે પણ પછી તો માર્ગ પોતે સહજ અને સરળ છે. પોતે જ છે માટે એ સુગમ છે. પણ પહેલી ભૂમિકામાં એને પલટો મારવો બહુ દુષ્કર પડે છે.

(૧૫:૩૫ મિનિટ સુધી...)

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, સોમવાર તા. ૪-૪-૨૦૨૨ થી ચૈત્ર સુદ ૫, બુધવાર તા. ૬-૪-૨૦૨૨ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચાર થી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠ થી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૬-૪-૨૦૨૨, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાત થી આઠ પ્રવચન અને તત્પશ્ચાત્ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : શ્રી રાજેન્દ્રભાઈ જૈન. ફોન : ૯૮૨૫૧૫૫૦૬૬.


**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| પત્રનું નામ | : | 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશન સ્થળ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : | માસિક |
| મુદ્રક | : | ભગવતી ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : | શ્રી રાજેન્દ્ર જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, રાજેન્દ્ર જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોકત વિવરણ સત્ય છે.

તા. ૩૧-૩-૨૦૨૨ રાજૈન્દ્ર જૈન

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.




**પત્રાંક-૨૯૨**

**વવાણિયા, આસો વદ ૧૨, ૧૯૪૭**

કુટુંબાદિક સંગ વિષે લખ્યું તે ખરું છે. તેમાં પણ આ કાળમાં એવા સંગમાં જીવે સમપણે પરિણમવું એ મહા વિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે, તે નિકટભવી જીવ જાણીએ છીએ.

આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે. જીવને પોતાની ઈચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડે છે, માટે ગમે તે સંગ-પ્રસંગમાં પણ સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું ન પડે તેમ કરવું.

**પત્રાંક-૨૯૩**

**વવાણિયા, આસો વદ ૧૩, શુક્ર, ૧૯૪૭**

શ્રી સુભાગ્ય, સ્વમૂર્તિરૂપ શ્રી સુભાગ્ય,

વિરહની વેદના અમને વધારે રહે છે, કારણ કે વીતરાગતા વિશેષ છે; અન્ય સંગમાં બહુ ઉદાસીનતા છે. પણ હરિઈચ્છાને અનુસરી પ્રસંગોપાત્ત વિરહમાં રહેવું પડે છે; જે ઈચ્છા સુખદાયક માનીએ છીએ, એમ નથી. ભક્તિ અને સત્સંગમાં વિરહ રાખવાની ઈચ્છા સુખદાયક માનવામાં અમારો વિચાર નથી રહેતો. શ્રી હરિ કરતાં એ બાબતમાં અમે વધારે સ્વતંત્ર છીએ.

**પત્રાંક-૨૯૪**

**મુંબઈ, ૧૯૪૭**

આર્ત્તધ્યાન ધ્યાવન કરવા કરતાં ધર્મધ્યાનમાં વૃત્તિ લાવવી એ જ શ્રેયસ્કર છે. અને જેને માટે આર્ત્તધ્યાન ધ્યાવવું પડતું હોય ત્યાંથી કાં તો મન ઉઠાવી લેવું અથવા તો તે કૃત્ય કરી લેવું એટલે તેથી વિરક્ત થવાશે.

જીવને સ્વચ્છંદ એ મહા મોટો દોષ છે. એ જેનો મટી ગયો છે તેને માર્ગનો ક્રમ પામવો બહુ સુલભ છે.

**પત્રાંક-૨૯૫**

**મુંબઈ, ૧૯૪૭**

ચિત્તની જો સ્થિરતા થઈ હોય તો તેવા સમય પરત્વે સત્પુરુષોના ગુણોનું ચિંતન, તેમનાં વચનોનું મનન, તેમના ચારિત્રનું કથન, કીર્તન, અને પ્રત્યેક ચેષ્ટાનાં ફરી ફરી નિદિધ્યાસન એમ થઈ શકતું હોય તો મનનો નિગ્રહ થઈ શકે ખરો; અને મન જીતવાની ખરેખરી કસોટી એ છે. એમ થવાથી ધ્યાન શું છે એ સમજાશે. પણ ઉદાસીનભાવે ચિત્તસ્થિરતા સમય પરત્વે તેની ખૂબી માલૂમ પડે.

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (માર્ચ-૨૦૨૨)નું શુલ્ક શ્રીમતી વંદનાબહેન રણધીરભાઈ ઘોષાલ, કોલકાટા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**